અપીલ અરજી નં.૧૧૧ તા.૨૮–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૫–૧૦ ની અરજીથી ન્યુ મોડલ સ્કુલ આશીર્વાદ પાર્કની બાજુમાં , જીવનજયોત પાછળ,ભાઠેના સુરત. ના બાંધકામની કાયદેસરતા તથા માળ ક્ષેત્રફળ, પાર્કીગ તથા શિક્ષકોની ભરતી, હાલમાં ચાલુ શિક્ષકોનું ભણતર તથા પગાર સ્કેલ વગેરે રમતગમતનું મેદાન તથા અન્ય સ્કુલમાં હોવી જોઈએ તે તમામ સુવિધાઓ છે કે કેમ તેની તમામ માહિતી આપવી એડમીશન વખતે લેવાતા તથા અન્ય તમામ ચાર્જ વગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૧/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૫–૧૦ ની અરજીથી ન્યુ મોડલ સ્કુલ આશીર્વાદ પાર્કની બાજુમાં , જીવનજયોત પાછળ, ભાઠેના સુરત. ના બાંધકામની કાયદેસરતા તથા માળ ક્ષેત્રફળ, પાર્કીગ તથા શિક્ષકોની ભરતી, હાલમાં ચાલુ શિક્ષકોનું ભણતર તથા પગાર સ્કેલ વગેરે રમતગમતનું મેદાન તથા અન્ય સ્કુલમાં હોવી જોઈએ તે તમામ સુવિધાઓ છે કે કેમ તેની તમામ માહિતી આપવી એડમીશન વખતે લેવાતા તથા અન્ય તમામ ચાર્જ વગેરેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રતયુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૪ તા.૨–૭–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/આ.નં.૧૫૨૧ તા.૨૨–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૧૪ તા.૧૭–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/૫૭૫ તા. ૨૭–૫–૧૦ થી જિલ્લા શિક્ષણાધિકારી (કલેકટર કચેરી) નાનપુરાને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૨૦ તા.૨૨–૭–૧૦ થી અરજદારને આપેલી માહિતી પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના યુપીસી પુરાવાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભે માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૩૧૪ તા.૧૭–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ.જે સાથોસાથ જિલ્લાશિક્ષણાધિકારીના કાર્યક્ષેત્રની માહિતી માટે તેમને પણ તબદીલ થવી જોઈતી હતી. લીંબાયતઝોન તરફથી અંશતઃ માહિતી અંગે જિલ્લાશિક્ષણાધિકારી કલેકટર કચેરી નાનપરા, સુરતને પત્ર નં. સા.ઈ.ઝોન/આરટીઆઈ/૫૭૫ તા.૨૭–૫–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે ન્યુ મોડલ સ્કુલ બાંધકામ કાયદેસરતા માળ ક્ષેત્રફળ પાર્કીગની કાયદેસરતા અને પરવાનગી બાબતની માહિતી સાઉથઝોન ધ્વારા લીંબાયતઝોનમાં તબદીલ કરવા છતાં માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૨૮–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં સાઉથઝોન લીંબાયત ધ્વારા બાંધકામની કાયદેસરતા આપવાની થાય તે ન આપવાથી અપીલઅરજી કરેલ છે. તથા જાહેર માહિતી અધિકારી વિરુધ્ધની કાયદેસરની કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ આ.નં.૧૫૨૧ તા.૨૨–૭–૧૦ ના રોજ પૂરક વિગતો ધ્વારા અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૨૦ તા.૨૨–૭–૧૦ થી ઝોન કચેરી ખાતે ઘનિષ્ઠ તપાસ કરતાં ઝોન કક્ષાએ ન્યુ મોડલ સ્કુલ બાબતનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તથા અન્ય વિગત માટે અરજી જિલ્લાશિક્ષણાધિકારી કલેકટર કચેરી નાનપરા, સુરતને તબદીલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. બાંધકામ બાબતના રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતીના રેકર્ડના નાશ કે નિકાલ અંગે કોઈ વિગતો જણાવેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે અનુસાર માહિતી દફતરે ઉપલબ્ધ ન હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે મિલ્કત બાંધકામની પરવાનગી રજીસ્ટરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા તે પૈકી અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળની મિલ્કત અંગેની માહિતીની નકલનો ઉતારો કરવા ઈચ્છે કે નકલ મેળવવા ઈચ્છે તો નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા સીટી ઈજેનર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ